|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ સકલતત્ત્વબોધકાય નમ: || (૯૯)

સમસ્ત જ્ઞાનનું સારતત્ત્વ ઉપદેશ કરનારા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

એક વખત ઉનાળામાં સ્વામી કોડાઈકેનાલ ગયા હતા. તેમની સાથે થોડાક વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ભક્તો હતા. એક દિવસ સવારના સમયે સ્વામીએ તે બધાને કહ્યું કે - " મારા પ્રશ્નનો જે અચૂક જવાબ આપશે તેને હું વિશેષ બક્ષિસ (ભેટ) આપીશ."

આ વાત સાંભળતા જ બધામાં વિશેષત: વિદ્યાર્થીઓમાં હર્ષનું વાતાવરણ ફેલાયું. સ્વામી બોલ્યા-"હું કોણ છું?"

લગભગ બધા વિદ્યાર્થી એક સૂરમાં બોલ્યા-' ભગવાન '.
સ્વામી-" ના, બરાબર નથી "
એક વિદ્યાર્થી- "શિવશક્તિ સ્વરૂપ,"
સ્વામી-"ના, બરાબર નથી."
બીજો વિદ્યાર્થી-"શ્રીકૃષ્ણ જ ફરીથી અવતર્યા છે."
સ્વામી હસીને બોલ્યા-"ના, બરાબર નથી."
એક ભક્ત બોલ્યો-"સર્વ દેવતા સ્વરૂપ."
સ્વામી-"ના, એ પણ બરાબર નથી."
ત્યારે બધા લોકો બોલ્યા-"સ્વામી, કૃપા કરીને તમે જ અમને કહો કે તમે કોણ છો?"
તરત જ સ્વામી બોલ્યા-"હું, છું. (I am I). ".

આમ સાંભળતા જ બધાને હસવું આવ્યું, પરંતુ ગંભીર સ્વરમાં સ્વામી આગળ બોલવા લાગતા જ સર્વત્ર શાંતિ ફેલાઈ. સ્વામી બોલ્યા-" હું ', બધાનો આધાર છું. તમે જ્યારે કહો છો હું આ છું અથવા તે છું, તે વખતે અદ્વૈત ભાવ પ્રગટ થાય છે. હું જે અનેક નામોથી ઓળખાઉં છું તે-ભગવાન, આત્મા, બ્રહ્મન, શ્રીકૃષ્ણ, શ્રીરામ, શિવ, અલ્લાહ અથવા ઇસુ. આ જ અંતિમ સત્ય છે.

સર્વ જ્ઞાનનું સારતત્ત્વ ઉપદેશ કરનારા સ્વામીના અનેક ભક્તોમાં વિશ્વવિખ્યાત ક્રિકેટર સુનીલ ગાવસ્કર પણ છે. ૧૯૭૦ની સાલથી ગાવસ્કર કુટુંબ સ્વામીનું ભક્ત બન્યું, પરંતુ સુનીલ સર્વપ્રથમ પ્રશાંતિનિલયમ ગયા તે ૧૯૮ ૨ ની સાલમાં. તેમને મુલાકાત આપ્યા પછી સ્વામી તેમને લઈને છોકરાઓની હોસ્ટેલમાં ગયા. બધા વિદ્યાર્થીઓ પ્રાર્થના સભાગૃહમાં ઉપસ્થિત હતા. સ્વામીએ સુનીલને પોતાની બાજુમાં બેસાડી લીધા અને બોલ્યાં - "આજે બકરી ઈદ છે, તેથી આ તહેવારનું

મહત્ત્વ તમે વિદ્યાર્થીઓને કહો" ત્યારે સુનીલે સ્વામીને કહ્યું, "સ્વામી, મને ઇસ્લામ, કુરાન અથવા બકરી ઈદ વિશે કંઇ જ ખબર નથી તો પછી હું શું બોલીશ?" તેથી સ્વામી બોલ્યા - " તમે ફક્ત માઇક સામે જઈને ઊભા રહો. બધું ઠીક થશે."

સુનીલે સ્વામીની આજ્ઞા માની અને તે આશરે ૧૦ - ૧૨ મિનિટ સુધી ' ઇસ્લામ ' અને ' બકરી ' ઈદ પર બોલ્યા. જ્યારે તેમનું ભાષણ સમાપ્ત થયું ત્યારે તાળીઓનો ગડગડાટ થયો. ભાષણ પૂરું કરીને જ્યારે તે પોતાની જગ્યાએ પાછા આવ્યા ત્યારે સ્વામી બોલ્યા - " મેં કહ્યું હતું ને, કે તમે બોલી શકશો. " સુનિલે સ્વામી ની સામે ફક્ત હાથ જોડ્યા. અને નતમસ્તક થયા. આજે આટલા વર્ષ પછી પણ સુનીલ કહે છે કે - " મને ખરેખર હું શું બોલું તે કાંઈ યાદ નથી, મારા મુખમાંથી સ્વામી જ બોલ્યા હતા."

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||